## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



કોરોનાને તો પકડવાનો ઉપાય આ લોકો પાસે નથી... પણ તમે માસ્ક વગરનાને પકડવાનું ચાલુ રાખો..!!

# ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૪

સમગ્ર દેશમાં તા. ૨૪મી જાન્યુઆરીને રાષ્ટ્રીય બાલિકા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા જિલ્લા કલેકટર શ્રી કુલદીપ આર્યની ઉપસ્થિત આ દિનની ઉજવણી ગાંધીનગર સિવીલ હોસ્પિટલ ખાતે




કરવામાં આવી હતી. દિકરી જન્મને પ્રોત્સાહન આપવાના ઉમદા આશયથી સિવિલ હોસ્પિટલમાં જન્મેલ કુલ- ૨૧ નવજાત બાળકીઓને દીકરી વધામણા કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કિટમાં સ્વેટર વીથ કેપ-મોઝા, મોશ્યુરાઈઝેશન, ત્રણ જોડી કપડા, ખોયુ, બ્લેન્કેન્ટ સમાવેશ થાય છે. આગામી તા. ૨૪ થી ૨૬ જાન્યુઆરી દરમ્યાન જિલ્લા સેવા સદન, ગાંધીનગરને બેટી બચાવો, બેટી પઢાઓ થીમ પર ગુલાબી રોશનીથી પ્રકાશિત કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી નીતાબેન જે. ગામી, આર.એમ.ઓ. શ્રી સુધાબેન શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી વર્ચ્યુઅલી કરવામાં આવશે.
- રાજ્યના પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા જિલ્લાના અધિકારીઓ સાથે પંચાયતોના પ્રશ્નોને લઈ સમીક્ષા કરશે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાજ્યના તમામ પેજપ્રમુખો સાથે સંવાદ કરશે.
- ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી દ્વારા ૨૪ જાન્યુઆરીથી ૨૩મી ફેબ્રુઆરી-૨૨ દરમ્યાન "બેઝીક્સ ઓફ વર્નાક્યુલર ઈનોવેશન" ઓનલાઈન ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું છે.
- શેર બજારમાં આજે થયેલા કડાકાને લઈ રોકાણકારોમાં નિરાશાનું મોજુ પ્રસરી જવા પામ્યુ હતુ.
- રાજ્યમંત્રી મંડળના સભ્યોને પત્રકારો સાથે વિભાગને લઈ સીધી જાહેરાતો ન કરવાની સૂચના મુખ્યમંત્રીએ આપી હોવાની ગરમાગરમ ચર્ચાઓ સચિવાલયમાં થતી સાંભળવા મળી હતી.
- સચિવાલય સંકુલમાં ઉંદરોનો ત્રાસ વધી ગયો છે.
- જિલ્લા પંચાયતમાં એક બિલાડી રોજ પંચાયતમાં વિવિધ વડાઓની કચેરીની મુલાકાત લઈ રહી છે.
- આજે સચિવાલય છુટવાના સમયે એક નીલ ગાય અને બે દેશી ગાયના બચ્ચા 'ચ' રોડ પર ફરી રહ્યા હોવાથી વાહનચાલકો ચિંતાતુર બની વાહન હંકારતા જણાયા હતા.
- કોરોના સહાયની કામગીરીને લઈ આજે રાજ્ય સરકારે સમીક્ષા બેઠક અધિકારીઓ સાથે કરી હતી.
- નાયબ મ્યુનિ. કમિશનર પ્રિતેશ દવે કોરોનામુક્ત થતાં આજે તેમની ઓફિસમાં હાજર રહ્યા હતા.

# સે-૧૩ બી ખાતેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં સમયાંતરે વાહનચોરીના બનાવો બનતા રહે છે. ત્યારે શહેરના સેકટર-૧૩ બી માંથી બાઈકની ચોરી થવા પામી છે. પોલીસે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ગોરલ ગામના વતની અને હાલ સેકટર-૧૩ બી પ્લોટ નં.૮૬૨-૧ ખાતે રહેતા સેવંતીભાઈ વાલજીભાઈ પ્રજાપતિ છેલ્લા ત્રણ વર્ષથી પોતાના મિત્ર સાથે રહે છે. જયારે સેવંતિભાઈ સેકટર-૧૧ જીઆઈડીસી વડી કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે.જયારે સીટી-૧૦૦ નં. જી.જે.૦૯.સી.આર.-૫૪૬૯ બાઈકનો ઉપયોગ નોકરી એ આવન જાવન માટે કરતા હતા. ત્યારે ગત તા.૨૦ ના રોજ બાઈક સેકટર-૧૩ બી ખાતે ઘર પાસે પાર્ક કરીને તેઓ ઈડર વતનમાં ગયા હતા. ત્યારબાદ વતનથી તા.૨૪ ના રોજ સવારે ૯ વાગે પરત ફર્યા હતા. ત્યારે ઘર સામે પાર્ક કરેલ બાઈક જગ્યા પર ન હતું. જેથી તેઓએ પોતાની રીતે આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી હતી.પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. આખરે તેઓએ સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૨ અંતર્ગત યોજાયેલ સ્વચ્છતા સ્પર્ધામાં સ્વચ્છ શાળા કેટેગરીમાં સેક્ટર-૭ સ્થિત સરદાર પટેલ સંકુલને દ્વિતિય ક્રમ પ્રાપ્ત થયો છે. શાળાના સ્વચ્છતા કન્વીનર કિરણભાઈ પટેલે શાળા વતી એવોર્ડ સ્વીકાર્યો હતો.

# પરિણિતાના પિતા પાસે રૂ.૧૫ લાખ દહેજ પેટે માંગતા સાસરી સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૪

શહેરી પરિણિતાને સાસરીપક્ષના સભ્યો ભેગા મળી દિકરો કેમ ન આવ્યો તેમ કહી મેણા ટોણા મારે છે. તે ઉપરાતં ઘરકામ અંગે પરિણિતાના પતિને ખોટી ચઢામણીઓ કરી ઝઘડા કરી તેણીના પિતા પાસેથી રૂ.૧૫ લાખ દહેજ પેટે લઈ આવવાનું કહી શારીરીક માનસિક ત્રાસ આપતા પરિણિતાએ સાસરી પક્ષમાં પતિ, જેઠ, જેઠાણી, જેઠ, નણંદ અને નણદોઈ સહિતના સભ્યો સામે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં રહેતી પરિણિતા પોતાના માતા-પિતાના ઘરે રહે છે અને ઘરકામ કરે છે. જયારે તેણીના પિતા પોસ્ટ વિભાગમાંથી નિવૃત થયા છે. જયારે તેણીની માતા વર્ષ-૨૦૨૦માં મૃત્યુ પામ્યા છે. ત્યારે ફરીયાદીના લગ્ન તા.૨૯-૪-૧૬ ના રોજ ચાંદખેડા રહેતા અમિતભાઈ વિનોદભાઈ કડાલીયા સાથે સમાજના રીત રિવાજ મુજબ થયા હતા. તેણીના પતિ મુંબઈ ભીવંડી ખાતે ટોરેન્ટ પાવર કંપનીમાં ટેકનીશીયન તરીકે નોકરી કરે છે. લગ્નજીવન દરમિયાન તેઓને ૪ વર્ષની દિકરી છે. જયારે સસરા લગ્ન પહેલા અને સાસુ બે માસ પહેલા જ મૃત્યુ પામ્યા છે. પરિણિતાને દિકરી જન્મી હતી તે પતિ સહિત સાસરીપક્ષના સભ્યોને ગમ્યું ન હતું. જેથી આ તમામ વ્યકિત મારા પતિને ફરીયાદી વિરુધ્ધ ચઢામણી કરતા હતા જેને પગલે ઘરમાં નાના મોટા ઝઘડા થતા હતા. ત્યારબાદ તેણી પિયર ખાતે રહેતી હતી પરંતુ જયારે સાસરી જાય તે સમયે મ્હેણાટોણા મારીને તેણીના માતા-પિતા વિરુધ્ધ અપશબ્દો બોલતા હતા.પરિણિતાના પતિને ચઢામણી કરીને તેણીના પિતા વયનિવૃત થતા રૂ.૩૫ લાખ મળ્યા છે. લગ્નમાં દહેજ પેટે તારા પિતાએ કંઈ આપ્યું નથી. તેમ કહીને રૂ.૧૫ લાખ દહેજ પેટે લઈ આવવા જણાવ્યું હતું. જેથી પરિણિતાએ દહેજ પેટે રૂપીયા નહી માંગુ કહેતા સાસરીપક્ષના સભ્યોએ ઝઘડો કરી પરિણિતાને કાઢી મુકી હતી.ત્યારબાદ સમાજની રાહે સમાધાન કરી પરિણિતા પતિ સાથે મુંબઈ ગઈ હતી. જયારે સાસુની તબિયત બગડતા અમદાવાદ સેવા કરવા માટે આવી હતી. સાસુના અવસાન બાદ તમામ વિધી સુધી પરિણિતા તે ચાંદખેડા ઘરે રોકાઈ હતી. ત્યારબાદ પરિણિતા પિયર ગાંધીનગર ખાતે આવી હતી. જયારે તા.૧૭-૧૧-૨૧ ના રોજ તેણીનો ભાઈ સાસરી મુકવા માટે આવ્યો હતો. તે સમસે સાસરીપક્ષના સભ્યોએ ઘરમાં પ્રવેશ દીધી ન હતી.જયારે પરિણિતાના પતિએ ફોન પર તેણીને મારે તુ જોઈતી નથી... તુ તારા પિતાના ઘરે પરત જતી રહે તેમ કહેતા આખરે પરિણિતાએ પોલીસ મથકે સાસરીપક્ષના ૬ સભ્યો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ચિલોડામાં શ્વાન પર પૈડું ફરી વળતાં જીવદયા પ્રેમીઓ દ્વારા સારવાર અપાઈ


ગાંધીનગર, તા.૨૪

ચિલોડા મોટા ગામે ઉત્તરાયણ પર્વે અબોલ પક્ષીઓને કાતિલ ચાઈનીઝ દોરીથી ઈજાગ્રસ્ત થવાના કિસ્સા વધવા પામ્યા હતા ત્યારે જીવદયા પ્રેમીઓએ કરુણા એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અપી બચાવ કાર્ય કર્યુ હતું. ત્યારબાદ ચિલોડા સ્થિત જનકપુરી સોસાયટીમાં જીવદયા પ્રેમીઓ દ્વારા એક શેરુ નામના



શ્વાનને અજાણ્યા વાહન કારચાલકે કાર નીચે કૂતરાના પગ પર ટાયર ફેરવી દેતા ઈજાગ્રસ્ત શ્વાન દુઃખમય બનીને બે દિવસથી ખાધા પીધા વિના નિઃશાસા સાથે રડતો રડતો સારવાર મળે તેવા સંકેતો આપતો હતો ત્યારે જનકપુરીના રહીશો જીવદયા પ્રેમીઓએ શેરુ નામના આ કૂતરાને પહેલાથી સ્વજનની જેમ પાળી પોષીને સેવા ચાકરી કરી રહ્યા હતા ત્યારે ઈજાગ્રસ્ત શ્વાનને પગ પર પૈડું ફરી વળતાં ફ્રેકચર થયું હતું. બે દિવસ બાદ જીવદયા પ્રેમી ધર્મિષ્ઠાબેન, હન્ની, તેજસ્વી, ભૂમિ તથા જયેશભાઈ પટેલે કરુણા એનિમલ એમ્બ્યુલન્સને ફોન કરી સારવાર અપાવવા બોલાવીને શ્વાનને સારવાર અપાઈ હતી. બે દિવસ બાદ ખાદ્ય ખોરાકી પુરી પાડી સેવા આપ્યા બાદ શ્વાન સંપૂર્ણ પણે હલનચલન કરતાં જીવદયા પ્રેમીઓની સેવા સાર્થક બની હતી.

# ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો



ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા સ્થિત ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે ખુશી હોસ્પિટલ અને શ્રી દ્વારકેશ પેથોલોજી લેબોરેટરી દ્વારા મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં ૬૫ જેટલા પોલીસકર્મીની આરોગ્ય અંગે યોગ્ય ચકાસણી અને તપાસ કરવામાં આવી હતી.

# વાવોલ ઉગ્તિ ફાર્મ બહારથી એકટીવાની ચોરી

ઉવારસદ-વાવોલ માર્ગ પર આવેલા ઉગ્તી ફાર્મ હાઉસની બહારથી એકટીવાની ચોરી થતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. ફાર્મ બહારથી માત્ર પંદર મિનિટમાં જ એકટીવા ગાયબ થઈ ગયું હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઉવારસદ ગામે ચીકાપુરા વિસ્તારમાં રહેતા પંકજ ઉદાજી ઠાકોર (ઉં.૩૨) ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. જયારે પોતાના અંગત કામ માટે તેઓ એકટીવા નં. જી.જે.૧૮.ડી.જી.-૯૬૦૪ નો ઉપયોગ કરે છે. ત્યારે ત તા.૨૨ ના રોજ બપોરે ૪ વાગ્યાના અરસામાં પંકજજી ઉવારસદ વાવોલ માર્ગ પર આવેલા ઉગ્તિ ફાર્મ પર કામઅર્થે ગયા હતા. જયારે એકટીવા બહાર પાર્ક કર્યુ હતું. પંકજજી તાત્કાલીક પરત ફરવાનું હોવાથી એકટીવાની ચાવી એકટીવમાં જ રાખી હતી. જયારે સવા ચાર વાગે પરત ફરીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એકટીવા ન હતું.જેથી પંકજ ઠાકોરે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ એકટીવા મળી આવ્યું ન હતું. આખરે રૂ.૩૦ હજારના એકટીવા ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીનું રિહર્સલ યોજાયું

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી ગાંધીનગર ખાતે થનાર છે. ગાંધીનગરના રામકથા મેદાન, સેકટર- ૧૧ ખાતે જિલ્લા કક્ષાની ઉજવણીમાં ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે. આજરોજ જિલ્લા કક્ષાની ઉજવણી કાર્યક્રમનું રિહર્સલ જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યની ઉપસ્થિતિમાં યોજાયું હતું. જિલ્લા કલેકટરશ્રીએ પોલીસ, હોમગાર્ડ, એન.સી.સી.ની માર્ચ પાસ્ટ નિહાળી હતી. તે ઉપરાંત રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં કરવામાં આવેલ પદાધિકારીશ્રીઓ, અધિકારીઓ અને નગરજનોની બેઠક વ્યવસ્થા, પાણી, વાહન પાર્કિંગ જેવી અનેક બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણિયા, ડી.વાય.એસ.પી. શ્રી એમ.જે.સોલંકી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભરત વાઢેર સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# કોલવડાની જમીનમાં ગેરકાયદેસર કબ્જો જમાવવા જતા ચાર સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેર આસપાસની જમીનના ભાવ ઉંચકાતા ભુમાફિયા સક્રિય થઈ ગયા છે. ત્યારે કોલવડાની જમીનમાં સેઢો તોડી નાંખી ગેરકાયદેસર પ્રવેશ કરી ચેતવણીનું બોર્ડ પણ લગાવી દેતા કેટલાક શખ્સો સામે ખેડુતે બિનઅધિકૃત કબ્જો જમાવવાની કોશિશ કરનાર ૪ વ્યકિત સામે પેથાપુર પોલીસ મથકે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૪ સી પ્લોટ નં.૪૬૬-૨ ખાતે રહેતા અને કોલવડા ગામના બાબુભાઈ ઉમેદભાઈ પટેલ (ઉં.૫૬) ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે કોલવડા ગામની સીમમાં સર્વે નં.૮૯૬ ની જુની શરતની જમીન રેવન્યુ રેકર્ડ પર વિષ્ણુભાઈ રણછોડભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ, ગણપતભાઈ પટેલ અને સુર્યાબેન રણછોડભાઈ પટેલના નામે ચાલતી હતી. જે ઉપરોકત કુલ ક્ષેત્રફળવાળી જમીન પૈકી અડધી જમીન એટલે કે ૦-૨૩-૨૭ ચો મી. વાળી મજીન માલિકો પાસેથી વર્ષ ૨૦૦૯ માં વેચાણ રાખી લીધી હતી. તા.૧૪-૯-૨૦૦૯ ના રોજ રેકરડ પર જમીન માલિકોએ ગાંધીનગર કચેરી ખાતે આવી ઉપરોકત જમીનનો વેચાણ દસ્તાવેજ બાબુભાઈ તેમજ તેમના ભાઈ કાળુભાઈ ઉમેદભાઈ પટેલના નામે કરી આપ્યો હતો. જમીનની નક્કી થયા મુજબની કિંમત પણ ચુકવી દીધી હતી. ત્યારબાદ તે જ દિવસો રેકર્ડ પરના જમીન માલિકોએ બાબુભાઈ પટેલની તરફેણમાં એફિડેવીટ પણ કરી આપી હતી. તે ઉપરાંત રેકડમાં પણ અડધી જમીનમાં બંને ભાઈના નામ આવી ગયા હતા. જયારે ખેતરમાં વાવેતરની તૈયારીઓ કરવામાં આવી હતી. તે સમયે તેમની સામે આવ્યું હતુ કે ખરીદી કરવામાં આવેલી જમીન અને પાસેની જમીન વચ્ચે શેઢા ને તોડી નાંખી તેમાં જાહેર ચેતવણીનું બોર્ડ મારી દીધુ હતું. આ બોર્ડમાં જણાવ્યું હતું કે મોજે કોલવડાની સીમમાં સર્વે નંબર ૮૯૬ આશરે ક્ષેત્રફળ ૦-૪૪૬-૫૪ વાળી જમીનના માલિક અને કબ્જેદાર પટેલ કાંતિભાઈ અંબાલાલની આવેલ છે. જેથી કોઈપણ વ્યકિતએ ગેરકાયદે પ્રવેશ કરવો નહી. ત્યારે ચારેય આરોપીઓએ જમીન વેચાણ કરી દીધા બાદ પણ ખરીદનાર ખેડુત સામે હક નોંધાવતા પેથાપુર પોલીસ મથકે ખેડુત બાબુભાઈ ઉમેદભાઈ પટેલે ચારેય સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રોકેટગતિએ આવેલ ડમ્પર સર્કલમાં ઘુસી ગયું



શહેરના માર્ગો પર માંતેલા સાંઢની જેમ દોડાદોડી કરતા ડમ્પર ચાલકો ગમે ત્યારે અકસ્માત નોંતરે છે. ત્યારે શહેરના શાહપુર સર્કલ પર રોકેટગતિએ આવી ચડેલા ચાલકે ડમ્પર પરનો કાબુ ગુમાવતા ડમ્પર સર્કલની લોખંડની ગ્રીલ તોડી અંદર ધસી ગયું હતું. ત્યારે આ અકસ્માતમાં એક ઈકો કાર પણ અડફેટે આવી જતા તેનો પણ ખુડદો બોલી ગયો હતો. ઈકો ગાડીના ચાલકને ઈજા પહોચતા સારવાર માટે લઈ જવાયો હતો. જયારે અકસ્માતને પગલે ટ્રાફિકજામની સમસ્યા ના સર્જાય તે માટે ટ્રાફિક પોલીસના જવાનો તાત્કાલીક આવી પહોંચીને ટ્રાફિકની કામગીરી સંભાળી હતી.